# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-03-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ છતાં, ભારતમાં કોઈ ઉર્જા સુરક્ષા કટોકટી નથી.
2. સરકારે ખાતરી આપી કે બધી ઓઇલ રિફાઇનરીઓ સંપૂર્ણ ક્ષમતાએ કાર્યરત - કાળાબજાર કરનારાઓ સામે 550 ફરિયાદ કરાઈ.
3. અમેરિકાના રાષ્ટ્રપતિએ હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવા માટે ઈરાનને પાંચ દિવસની સમયમર્યાદા લંબાવી - તેહરાને વોશિંગ્ટન સાથે વાટાઘાટોની શક્યતાને સંપૂર્ણપણે નકારી.
4. લોકસભામાં નાણાકીય વિધેયક, 2026 અને રાજ્યસભામાં વિનિયોગ - નં. 2 વિધેયક, 2026 પર ચર્ચા થઈ.
5. ભુવનેશ્વરમાં 24મી રાષ્ટ્રીય પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં કિપા મેરોએ મહિલા ભાલાફેંકમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

..........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# LOK SABHA - PRIME MINISTER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ છતાં, ભારતમાં કોઈ ઉર્જા સુરક્ષા કટોકટી નથી. શ્રી મોદીએ આજે લોકસભામાં પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર નિવેદન આપ્યું. આ મુદ્દા પર ભારતની સ્થિતિ સ્પષ્ટ કરતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો સરળતાથી ચાલુ રહે છે.

(BYTE : MODI-ON-PETROLEUM-RESERVES)

પ્રધાનમંત્રીને નોંધ્યું હતું કે સંઘર્ષ ત્રણ અઠવાડિયાથી વધુ સમયથી ચાલી રહ્યો છે અને વૈશ્વિક અર્થતંત્ર અને લોકોના જીવન પર તેની ગંભીર અસર પડી રહી છે.

(BYTE : PM-ON-WAR)

શ્રી મોદીએ જણાવ્યું હતું કે સંઘર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં 3 લાખ 75 હજાર થી વધુ ભારતીયો સુરક્ષિત રીતે દેશમાં પાછા ફર્યા છે. અત્યાર સુધીમાં આશરે 1,000 ભારતીયો ઈરાનથી સુરક્ષિત રીતે પાછા ફર્યા છે. અસરગ્રસ્ત લોકોને તાત્કાલિક માહિતી પૂરી પાડવા માટે ભારત અને અન્ય અસરગ્રસ્ત દેશોમાં 24 કલાક કંટ્રોલ રૂમ અને ઇમરજન્સી હેલ્પલાઇન્સ સ્થાપિત કરવામાં આવી છે. સરકાર સંવેદનશીલ, સતર્ક અને શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

**પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત તેની LPG જરૂરિયાતોના 60 ટકા આયાત કરે છે.**

(BYTE : MODI-ON-LPG)

રાજદ્વારી મોરચે, પ્રધાનમંત્રીએ પુનરોચ્ચાર કર્યો કે ભારતે આ સંઘર્ષ પર સતત ઊંડી ચિંતા વ્યક્ત કરી છે અને તમામ પક્ષોને તણાવ ઓછો કરવા વિનંતી કરી છે. આ સંઘર્ષનો એકમાત્ર ઉકેલ વાતચીત અને રાજદ્વારી છે. ભારત આ કટોકટીના શાંતિપૂર્ણ ઉકેલને સમર્થન આપે છે. નાગરિક માળખાગત સુવિધાઓ, ઊર્જા અને પરિવહન સુવિધાઓ તેમજ વાણિજ્યિક જહાજો પર હુમલા અસ્વીકાર્ય છે.

શ્રી મોદીએ જણાવ્યું હતું કે યુદ્ધની વૈશ્વિક અસર થોડા સમય માટે રહી શકે છે. તેમણે દેશને આ માટે તૈયાર રહેવા વિનંતી કરી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે દેશ આ પડકારનો સફળતાપૂર્વક સામનો કરશે, જેમ દેશે કોવિડ-19 દરમિયાન કર્યું હતું.

# PRIME MINISTER'S SPEECH - REACTION

ભાજપ સાંસદ રાજીવ પ્રતાપ રૂડીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે લોકસભામાં આપેલા પોતાના નિવેદન દ્વારા સ્પષ્ટ કર્યું છે કે દેશ પશ્ચિમ એશિયા સંકટથી ઉદ્ભવતી કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર છે. આકાશવાણી સાથે વાત કરતા શ્રી રૂડીએ કહ્યું કે પ્રધાનમંત્રીએ સ્પષ્ટ કર્યું છે કે ભારત હોર્મુઝ સ્ટ્રેટમાં કોઈપણ પ્રકારના અવરોધને સ્વીકારશે નહીં.

ભાજપ સાંસદ તેજસ્વી સૂર્યાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીએ આજે લોકસભામાં પશ્ચિમ એશિયા સંકટ અંગે સમગ્ર રાષ્ટ્રને ખૂબ જ વિગતવાર અને આશ્વાસન આપતો પ્રતિભાવ આપ્યો છે.

# PM-PRAYAGRAJ INCIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં એક ઇમારત ધરાશાયી થવા પર દુઃખ વ્યક્ત કર્યું. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ દરેક મૃતકોના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી 2 લાખ રૂપિયાની અને ઘાયલોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી. તેમણે આ મુશ્કેલ સમયમાં અસરગ્રસ્ત લોકો અને તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.

# PRESIDENT - TUBERCULOSIS DAY

વિશ્વ ક્ષય રોગ દિવસની પૂર્વસંધ્યાએ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે ક્ષય રોગ એક ગંભીર જાહેર આરોગ્ય પડકાર છે, જે વિશ્વભરના લાખો લોકોને અસર કરે છે. તેમના સંદેશમાં, રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ક્ષય રોગ દ્વારા ઉભા થયેલા વૈશ્વિક પડકાર અંગે જાગૃતિ લાવવા માટે 24 માર્ચે વૈશ્વિક સ્તરે આ દિવસ ઉજવવામાં આવે છે.

# WEST ASIA DAILY BRIEFING

સરકારે આજે ખાતરી આપી હતી કે બધી ઓઇલ રિફાઇનરીઓ સંપૂર્ણ ક્ષમતાએ કાર્યરત છે અને ઘરેલુ અને પરિવહન હેતુઓ માટે કુદરતી ગેસ 100% પૂરો પાડવામાં આવી રહ્યો છે.

નવી દિલ્હીમાં આજે પશ્ચિમ એશિયામાં તાજેતરના ઘટનાક્રમ અંગે આંતર-મંત્રી સ્તરીય મીટીંગને સંબોધતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને 50 ટકા વાણિજ્યિક LPG ઉપલબ્ધ છે. રેસ્ટોરન્ટ્સ, ઢાબા, ઔદ્યોગિક કેન્ટીન, ડેરીઓ, સબસિડીવાળી કેન્ટીન અને રાજ્યો અને સ્થાનિક સંસ્થાઓ દ્વારા સંચાલિત અન્ય ક્ષેત્રોને આ ફાળવણીમાં પ્રાથમિકતા આપવામાં આવશે.

કાળાબજાર અને સંગ્રહખોરી વિશે વિગતો આપતાં તેમણે કહ્યું કે આશરે 37 હજાર દરોડા પાડવામાં આવ્યા છે, 550 FIR નોંધવામાં આવી છે અને 150 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# TRUMP-DEADLINE

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવા માટે ઈરાનને આપવામાં આવેલી સમયમર્યાદા પાંચ દિવસ લંબાવી છે. શ્રી ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકા પાંચ દિવસ માટે પાવર પ્લાન્ટ પર હુમલો કરશે નહીં. શ્રી ટ્રમ્પે સોશિયલ મીડિયા પર આ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે અમેરિકા અને ઈરાની અધિકારીઓ વચ્ચેની તાજેતરની વાટાઘાટો ખૂબ જ સકારાત્મક રહી છે.

દરમિયાન, ઈરાનના રાજ્ય મીડિયાએ અહેવાલ આપ્યો છે કે તેહરાને વોશિંગ્ટન સાથે વાટાઘાટોની શક્યતાને સંપૂર્ણપણે નકારી કાઢી છે, અને ભારપૂર્વક જણાવ્યું છે કે બંને પક્ષો વચ્ચે હાલમાં કોઈ સીધી વાટાઘાટો ચાલી રહી નથી. ઈરાનના વિદેશ મંત્રાલયે અમેરિકન પ્રમુખ ટ્રમ્પની તાજેતરની ટિપ્પણીઓને ફગાવી દીધી છે.

# ISRAEL, IRAN, AMERICA ATTACK

ઇઝરાયલે ઇરાન પર હુમલાઓ વધારી દીધા છે. ઇરાને પશ્ચિમ એશિયામાં મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓને નિશાન બનાવીને બદલો લીધો છે. તેહરાનના અનેક જિલ્લાઓમાં વિસ્ફોટોના અહેવાલો મળ્યા છે. આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીના વડા ફાતિહ બિરોલે જણાવ્યું હતું કે સંઘર્ષ તેના ચોથા અઠવાડિયામાં પ્રવેશતા સમગ્ર પ્રદેશમાં 40 તેલ અને ગેસ સુવિધાઓને નુકસાન થયું છે.

અમેરિકન સૈન્યએ હવાઈ હુમલામાં ઈરાનના કોમ ટર્બાઇન એન્જિન ઉત્પાદન પ્લાન્ટનો નાશ કર્યો છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે ઈરાન આ પ્લાન્ટનો ઉપયોગ હુમલાના ડ્રોન અને વિમાનના ભાગો માટે ગેસ ટર્બાઇન એન્જિન બનાવવા માટે કરી રહ્યું હતું.

# LOK SABHA – RAJYA SABHA BILL

લોકસભાએ નાણાકીય વિધેયક, 2026 ને વિચારણા અને પસાર કરવા માટે રજૂ કર્યું છે. આ વિધેયક નાણાકીય વર્ષ 2026-2027 માટે કેન્દ્ર સરકારના નાણાકીય પ્રસ્તાવોને અમલમાં મૂકવાનો પ્રયાસ કરે છે. કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે ગૃહમાં આ વિધેયક રજૂ કર્યું.

રાજ્યસભામાં આજે વિનિયોગ - નં. 2 વિધેયક, 2026 પર ચર્ચા થઈ. આ વિધેયક નાણાકીય વર્ષ 2026-27 ની સેવાઓ માટે ભારતના સંકલિત ભંડોળમાંથી ચોક્કસ રકમની ચુકવણી અને વિનિયોગને અધિકૃત કરે છે. ચર્ચા પછી, વિધેયક લોકસભામાં પરત કરવામાં આવશે. લોકસભાએ ગયા અઠવાડિયે આ બિલ પસાર કર્યું હતું.

# PARA ATHLETICS

**ઓડિશાના ભુવનેશ્વરમાં 24મી રાષ્ટ્રીય પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં અરુણાચલ પ્રદેશની કિપા મેરોએ મહિલા ભાલા ફેંક F12 શ્રેણીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો. ટેચી મેટાએ મહિલા 400 મીટર T13 શ્રેણીમાં રજત ચંદ્રક જીત્યો.**

# ELECTIONS

આસામ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્રો દાખલ કરવાનું કાર્ય પૂર્ણ થયું છે. ઉમેદવારી પત્રોની ચકાસણી આવતીકાલે થશે. ઉમેદવારો ગુરુવાર સુધી પોતાના નામ પાછા ખેંચી શકશે. આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં મતદાન આગામી મહિનાની ૯મી તારીખે એક જ તબક્કામાં યોજાશે.

# SHAHID DIVAS

સમગ્ર દેશ આજે મહાન સ્વાતંત્ર્ય સેનાની ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને તેમના શહીદ દિવસ પર શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. તેમને ૧૯૩૧માં આજના દિવસે લાહોર સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવી હતી. આ ત્રણ ક્રાંતિકારીઓ પર ૧૭ ડિસેમ્બર, ૧૯૨૮ના રોજ બ્રિટિશ પોલીસ અધિકારી સોન્ડર્સની ગોળી મારીને હત્યા કરવાનો આરોપ હતો.

# CHAUHAN-PC

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની રાષ્ટ્રનિર્માણ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી. નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા ચૌહાણે કહ્યું કે મોદીએ દેશના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા સરકારના વડા તરીકે સેવા આપી છે, તેમણે મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી તરીકે 8 હજાર 931 દિવસ સેવા આપી છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી માટે રાષ્ટ્ર સર્વોપરી છે અને તેઓ એક દેશભક્ત અને જનસેવક છે.

# WORLD BEAR DAY

**આજે વિશ્વ રીંછ દિવસ નિમિત્તે, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકાર વિજ્ઞાન આધારિત સંશોધન, સમુદાય ભાગીદારી અને રીંછ સંઘર્ષ ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.**